Part-12

1810

## અધ્યાય - ૧૨

## ભરતમુનિ નિરુપિત અભિનય અને આધુનિક સંદર્ભ

પ્રકરણ (૧) 'અભિનય' શબ્દના આધુનિક પર્યાયો

(૨) ભરતમુનિની અભિનયવિચારણા અને -

(અ) ચીની અભિનય-પરંપરા

(બ) જાપાની અભિનય-પરંપરા

(ક) સ્ટાનિસ્લાવસ્કીની અભિનય-વિચારણા

(ડ) બર્ટોલ્ટ બ્રેખ્ટની અભિનય-વિચારણા

(ઇ) ગ્રોટોવ્સ્કીની અભિનય-વિચારણા

(૩) કુટિયાટ્ટમ અને તેનો ભરતમુનિ નિરૂપિત અભિનય સાથે અનુબંધ

પ્રકરણ (૧)

'અભિનય' શબ્દના આધુનિક પર્યાયો

આધુનિકોએ ભરતમુનિ દ્વારા પ્રયોજાયેલા 'અભિનય' શબ્દના વિવિધ અંગ્રેજી પર્યાયો આપ્યા છે. નાટ્યશાસ્ત્રનો અંગ્રેજી અનુવાદ કરનાર શ્રી મનમોહન ઘોષે 'અભિનય' શબ્દ માટે Histrionic Representation (નાટ્યાત્મક પ્રતિનિધાન, રંગમંચીય પ્રતિનિધાન અથવા અભિનયાત્મક પ્રતિનિધાન) એવો અંગ્રેજી પર્યાય પ્રયોજ્યો છે. શ્રી જી.કે. ભટે Histrionic Representation ઉપરાંત Acting mode of representation (અભિનયાત્મક પ્રતિનિધાન) પર્યાય પણ આપ્યો છે. 'નાટકલક્ષણરત્નકોષ' ના અંગ્રેજી સંસ્કરણના સંપાદક શ્રી સિધ્ધેશ્વર ચટ્ટોપાધ્યાય dramatic representation (નાટ્યાત્મક પ્રતિનિધાન) એવો પર્યાય આપે છે. શ્રી જી.એચ.તાર્લેકરે પણ અભિનય માટે Histrionic Representation પર્યાય આપ્યો છે. શ્રી કે.એમ.વર્મા 'representation ' શબ્દનો અસ્વીકાર કરી અભિનય માટે 'Act of Communication ' પર્યાય પ્રયોજે છે. તેમના મતે અભિનય એ પ્રત્યાયનની પ્રક્રિયા છે. નટના હાથમાં તીર, કામઠું ન હોય છતાં તે 'ખટકામુખ' અને 'કપિત્થ' હસ્તમુદ્રાઓ દ્વારા બાણથી શિકાર કર્યાનો ભાવ સંકેતાત્મક રીતે પ્રત્યાયિત કરી શકે છે. શિકારની ક્રિયાનો વાસ્તવદર્શી આભાસ ઉભો કર્યા વિના પણ તે શિકારનું પ્રત્યાયન સાધી શકે છે. હાથમાં તીર કામઠું ધારણ કર્યા વિના કે તેની અનુકરણાત્મક ક્રિયાઓ કર્યા વિના કેવળ હસ્તમુદ્રાઓ દ્વારા પણ શિકારનો ભાવ સફળતાપૂર્વક પ્રત્યાયિત કરી શકાય છે. માટે 'અભિનય' એ Representation (પ્રતિનિધાન) નહીં પણ Act of Communication (પ્રત્યાયન) છે.( Natya, Nrtta and Nrtya Page - 51 ) શ્રી ગોવર્ધન પંચાલે પણ Communication પ્રર્યાયનો સ્વીકાર કર્યો છે પણ સાથે સાથે representation શબ્દનો અસ્વીકાર પણ કર્યો નથી. (Bhavai and its typical Aharya Page-4)

કેટલાક આધુનિકોએ 'અભિનય' શબ્દ માટે Expression (અભિવ્યક્તિ) અંગ્રેજી પર્યાય સ્વીકાર્યો છે. શ્રી આનંદ કુમારસ્વામી, Expression , , શ્રી અપ્પારાવ Histrionic Expression, શ્રી જેમ્સ આર. બ્રાન્ડન ( Sanskrit Drama in Performance પુસ્તકના સંપાદક) acting to express પર્યાયો આપે છે. શ્રી પ્રમોદ કાલેએ તેમના The Theatric Universe પુસ્તકમાં 'અભિનય' શબ્દ માટે Theatrical Conveyance 'નાટ્યાત્મક વહન' એવો અંગ્રેજી પર્યાય આપ્યો છે.

આમ આધુનિકોએ ભરતમુનિએ પ્રયોજેલા 'અભિનય' શબ્દના Representation, Communication, Expression, Conveyance એવા વિવિધ અંગ્રેજી પર્યાય આપ્યા છે. એક પણ આધુનિકે 'અભિનય' શબ્દ માટે હાલ અતિ રુઢ એવો 'Acting' પર્યાય આપ્યો નથી, કારણ કે ભરતમુનિએ જે અર્થમાં અભિનય શબ્દ પ્રયોજ્યો છે તે અર્થને અંગ્રેજી ભાષાનો acting શબ્દ પુર્ણ રીતે પ્રગટ કરી શકતો નથી.

ભરતમુનિના કથન અનુસાર નટ, મનથી 'હું અમુક પાત્ર છું' એવું સ્મરણ રાખી, સમાહિત મન દ્વારા પાત્રનો ભાવ અનુભવી, પાત્રને અનુરુપ રંગભુષા તથા વેષભુષા ધારણ કરી, ક્રિયા-સાપેક્ષ અને વાક્અંગસત્વોપેત એવા નાટ્યાર્થને પોતાની આંગિક ચેષ્ટાઓ તથા વાણી દ્વારા પ્રેક્ષકો સુધી લઈ જાય છે તેને અભિનય કહે છે. આમ અભિનયમાં એક બાજુ રંગભુષા, વેશભુષા, દૃશ્યવિધાન, વિગેરે બાહ્ય ઉપકરણો કે જે નટ ધારે ત્યારે ધારણ કરે છે અને ધારે ત્યારે ઉતારી દે છે તેનો સમાવેશ થાય છે તો બીજી બાજુ નાટ્યકારની 'ક્રિયાસાપેક્ષ' તથા 'વાગંગસત્વોપેત' નાટ્યબાની અને નાટયકૃતિનો પણ સમાવેશ થાય છે. પહેલાનો સમાવેશ આહાર્ય અભિનય અંતર્ગત જ્યારે બીજાનો સમાવેશ વાચિક અભિનય અંતર્ગત થાય છે એટલે કે અભિનય શબ્દ માત્ર નટની વાક્, સત્વ અને અંગ અર્થાત વાચિક કાયિક અને માનસિક ચેષ્ટાઓજ નહિ પણ કવિના શબ્દ તથા રંગતંત્રના કસબને પણ આવરી લે છે એટલે acting શબ્દ તેનો સાચો પર્યાય બની શકતો નથી. આ સંદર્ભમાં આધુનિકોના વિધાનો તપાસવા જેવા છે.

શ્રી રસિકલાલ છો. પરીખ જણાવે છે કે, '' આપણે અભિનયથી મોટે ભાગે એક્ટિંગ સમજીએ છીએ પણ તે તો એકલા આંગિકમાં આવી જાય, એની સાથે સાત્વિક, વાચિક અને આહાર્યને અભિનયો ગણીએ તો ભરતની અભિનયની કલ્પના ઘણી વ્યાપક બની જાય છે, અને તેમાં આજે અંગ્રેજીમાં ડ્રામા અને થિયેટર - વાઙ્મય નાટક અને રંગભૂમિ-કહે છે તે બધાનો સમાવેશ થઇ જાય છે.'' (ભરતનું નાટ્યશાસ્ત્ર પૃ.૧૩)

નન્દીકેશ્વરરચિત'અભિનયદર્પણ'ના ગુજરાતી સંસ્કરણના સંપાદક ડો. મનુભાઇ ભટ્ટ જણાવે છે કે, '' અભિનયમાં માત્ર અવસ્થાનુકૃતિ - જેને બીજા રુપે આપણે એક્ટિંગ કહીએ તે - નથી પરંતુ એક્ટિંગ કે અવસ્થાનુકૃતિ કરતાં વિશેષ છે તે સ્વીકારવું પડે છે.એક્ટિંગનો અર્થ વેબ્સ્ટરના શબ્દકોશ પ્રમાણે impersonating upon the stage અર્થાત અવસ્થાનુકૃતિને મળતો થાય છે.જ્યારે અભિનયમાં નૃત્યની મુદ્રાઓ જે રીતે વપરાય છે તે સામાન્ય અવસ્થાનું અનુકરણ માત્ર નથી, કારણ કે આ મુદ્રાઓનું રુપ તથા તેમાંથી નિષ્પન્ન થતા અર્થો એક કરતાં વધુ હોવા છતાં સંશ્લિષ્ટ અને અર્થઘન તેમજ સ્ટેન્ડર્ડાઇઝ્ડ હોય છે... ભારતીય અભિનયમાં હસ્ત એટલે કે મુદ્રાનું પ્રાધાન્ય વિશેષ અને સચોટ ભાવવ્યંજક તેમજ એક્ટિંગના સામાન્ય અર્થ કરતાં તો ઘણું ગહન, અર્થપૂર્ણ છે એમ સ્વીકારવું જોઇએ. વળી અભિનયમાં લયબધ્ધ નર્તન, અર્થપૂર્ણ શરીર સ્થિતિનો પ્રયોગ - એવા નર્તનના અંશોનો પણ સમાવેશ થાય છે. આમ તે એક્ટિંગ કરતાં વધુ હેતુલક્ષી પણ છે.

(અભિનયદર્પણ પૃ. ૬-૭)

શાંતા ગાંધીના કથન અનુસાર અભિનય શબ્દ માટે acting પર્યાય પર્યાપ્ત નથી. તેઓ કહે છે કે " The term abhinaya means that which carries the meaning of the play to the spectator. It implies not merely 'acting' as we understand it today, but also the external assistance that an actor might get for establishing his character from costumes, make-up and stage properties.

Thus when we use the English term "acting" for abhinaya we should understand this broader meaning."

(Sanskrit Drama in Performance Page-116)

શ્રી આદ્ય રંગાચાર્ય જણાવે છે કે, '' The word "abhinaya" is usually translated as "acting" but as it is used in the Natya-sastra it has a very wide meaning, a meaning that includes not only what we understand by "acting" but other thing which go to make up the medium of expression."

(Bharata's Natya-Sastra Page-28)

શ્રીમતી સુધા મલૈયા કહે છે કે, '' અભિનયને અંગ્રેજીમાં એકટિંગ કહેવાથી તેનું પ્રાચીન ભારતીય શાસ્ત્રીય સ્વરુપ પુર્ણપણે સ્પષ્ટ થતું નથી. તે રંગમંચ પર આંગિક તથા વાચિક અભિનય માત્ર ન રહેતાં, એકિટંગથી વિશેષ વ્યાપક છે. તેમાં કાવ્ય તેમજ વાદ્ય સંગીત ઉપરાંત નૃત્તનો પણ સમાવેશ થાય છે.'' (પ્રાચીન ભારતીય નૃત્તકલાકા શાસ્ત્રીય સ્વરુપ - નાટ્યમ્ ફેબ્રુ.૧૯૮૩)

ડૉ.સુધા રસ્તોગી જણાવે છે કે, '' ભરતમુનિએ અભિનયનું જે વિવેચન કર્યું છે તદાનુસાર અભિનયને ક્રિયાસમુહ- એકિટંગ ( acting ) ન માનતાં અભિવ્યકિતનું માધ્યમ માનવું વધારે યોગ્ય ગણાય.'' (નાટ્યશાસ્ત્રમેં નેત્રાભિનય-ભરત નાટ્યશાસ્ત્ર તથા આધુનિક પ્રાસંગિકતા પૃ.૭૭)

આમ ભરતમુનિએ પ્રયોજેલો 'અભિનય' શબ્દ, અંગ્રેજી ભાષાના acting શબ્દથી વધારે વ્યાપક હોવાનું આધુનિકોએ સ્વીકાર્યું છે. મારા દૃષ્ટિએ ભરતમુનિએ પ્રયોજેલા 'અભિનય' શબ્દ માટે સાચો અંગ્રેજી પર્યાય Play Production છે. આજની રંગભુમિ, Play Production અંતર્ગત નાટ્યપ્રતથી માંડી તેના રંગાવનાર

માં સહાયક બનતા તમામ તત્વોનો સમાવેશ કરે છે. નાટ્યકાર, દિગ્દર્શક, નટસમૂહ વિગેરે સર્જનાત્મક કલાકારો ઉપરાંત દૃશ્યબંધ આયોજક, પ્રકાશ આયોજક, વેષભુષા- રંગભુષા, આયોજક, ધ્વનિ આયોજક, નેપથ્યકર્મીઓ વિગેરે કસબીઓ નાટ્યના મુખ્યાર્થને પ્રેક્ષક સુધી પહોંચાડવામાં પોતાનો ફાળો આપે છે., એટલે આ તમામને આવરી લે તેવો અર્થ 'અભિનય' શબ્દમાં ગર્ભિત હોવાથી Play Production એજ તેનો સાચો પર્યાય છે. ભરતમુનિએ અભિનય નિરુપણમાં નટ નહીં પણ 'નાટ્યપ્રયોકતા' સંજ્ઞાનોજ વિશેષપણે વિનિયોગ કર્યો છે. તે ધ્યાનમાં લેવું ઘટે.

Play Production સંજ્ઞા સ્વીકારવાથી, ભરતમુનિએ અભિનય અંતર્ગત (મુખ્યત્વે) રંગતંત્રના કસબીઓ સાથે સંકળાયેલ 'આહાર્ય અભિનય' નો તથા (મુખ્યત્વે) નાટ્યકાર સાથે સંકળાયેલા છન્દ અલંકાર વિગેરે અંગોનો વાચિક અભિનય અંતર્ગત શાથી સમાવેશ કર્યો છે તેનો ખુલાશો મળી રહે છે.

આજે જેને આપણે acting કહીએ છીએ તે માટે ભરતમુનિએ પ્રયોજેલો શબ્દ છે 'અનુભાવ.' શ્રી પ્રમોદ કાલે 'સામાન્ય અભિનય' એ acting નો પર્યાય હોવાનું જણાવે છે પણ 'સામાન્ય અભિનય' અંતર્ગત ભરતમુનિએ નાયક-નાયિકા નિરુપણ મુખ્યત્વે કર્યું હોવાથી તે એનો સાચો પર્યાય બનતો નથી. મારી દૃષ્ટિએ તો આજની રંગભૂમિ ઉપર અત્યંત રૂઢ એવી acting સંજ્ઞાને સમકક્ષ એવી કોઇ નાટ્યશાસ્ત્રમાં નિરુપાયેલી સંજ્ઞા હોય તો તે 'અનુભાવ' જ છે.

અનુભાવની પરિભાષા આપતાં ભરતમુનિ જણાવે છે કે - ' અનુભાવ્યતેઅનેન વાક્, અંગ, સત્વકૃતો અભિનય ઇતિ '। અહીં ભરતમુનિએ આહાર્ય અભિનયનો સમાવેશ ન કરતાં માત્ર વાક્, અંગ અને સત્વનોજ સમાવેશ કર્યો છે. નટની આંગિક, વાચિક તથા સાત્વિક ચેષ્ટાઓ - ક્રિયાસમુહોનોજ 'અનુભાવ' અંતર્ગત સમાવેશ કર્યો છે. આજની રંગભૂમિ ઉપર રંગભુષા- વેશભુષા- પ્રકાશ- દૃશ્યબંધ વિગેરેને નટકર્મ સાથે ન સાંકળતા રંગતંત્રના કસબીઓના કર્મ સાથે સાંકળવામાં આવે છે નટના આંગિક અને વાચિક ક્રિયાસમુહોને (સાત્વિક એ એક

પ્રકારની શારીરિક પ્રતિક્રિયાજ છે) માટે acting સંજ્ઞાનો પ્રયોગ થાય છે. નટ રંગમંચ ઉપર અમૂર્ત એવા મનોભાવને પોતાના અનુભાવો દ્વારા મૂર્તિમંત કરે છે માટે તેને 'વાક્ અંગ તથા સત્વ કૃતો' એવી સંજ્ઞા ભરતમુનિએ આપી છે. એટલે acting માટેનો ભરતમુનિએ આપેલો પારિભાષિક શબ્દ 'અનુભાવ' છે. ભરતમુનિએ વિવિધ ભાવ તથા રસના જે અનુભાવ વર્ણવ્યા છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાં આહાર્યનો ઉલ્લેખ નથી તે તો નટના મનો, વાક્ તથા અંગને આધાર બનાવતાં વિભિન્ન ક્રિયાસમુહો માત્ર છે. એટલે 'અભિનય' શબ્દનો અંગ્રેજી ભાષામાં પર્યાય Play Production છે અને આજકાલ છુટથી વપરાતા acting શબ્દ માટે, ભરતમુનિએ પ્રયોજેલો પારિભાષિક શબ્દ 'અનુભાવ' છે એવું મારું નમ્રપણે માનવું છે. 'અભિનય' acting કરતાં વધુ વ્યાપક સંજ્ઞા છે અને તેમાં નટ ઉપરાંત રંગતંત્રના કસબીઓને પણ આવરી લેવાયા છે. નાટ્યકારનો પણ theatre troupe માં સમાવેશ થાય છે. નાટ્યપ્રત એ પણ Play Production નું એક આધારભુત અંગ છે. John Dolman Jr. તેમના 'The Art of Play Production' પુસ્તકમાં જણાવે છે કે,

'The art of theatre is not an individual art, it is essentially a group art, in which the author, the director, the scenic artist, the actors, the musicians, the stage crew and even the audience all contribute to a common creative effort"

નટ, નાટ્યકાર તથા રંગકર્મી આ ત્રણેયના કાર્યોને ભરતમુનિએ અભિનય અંતર્ગત આવરી લીધા છે. આહાર્ય અભિનયમાં રંગભુષાકારે રંગભુષા કરતી વેળા કયા પરિબળો ધ્યાનમાં રાખવા જોઇએ, વેશભુષાકારે વેશભુષા કરતી વેળા શું શું લક્ષ્યમાં લેવું પડે, નાટ્ય માટે જરુરી વિવિધ ઉપકરણો, પ્રતિશિર્ષક, આભૂષણો, મુકુટ, માળાઓ કેવી રીતે બનાવી શકાય- આ તમામ રંગતંત્રના કાર્યોનો સમાવેશ ભરતમુનિએ કર્યો છે. પુસ્તવિધાન અંતર્ગત વિવિધ

પદાર્થોની પ્રતિકૃતિ models કેવી રીતે બનાવવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત 'વાચિક અભિનય' અંતર્ગત, નાટ્યકારે અભિનયક્ષમ નાટક કેવી રીતે લખવું જોઇએ તેની સૂક્ષ્મ ચર્ચા કરવામાં આવી છે. આમ અભિનયવિધાન અંતર્ગત સાક્ષાત અને પ્રત્યક્ષપણે નટકર્મ સાથે ન સંકળાયેલો તત્વોનો પણ સમાવેશ થયો છે જયારે 'અનુભાવ'માં માત્ર નટકર્મનોજ સમાવેશ કરવામાં આવ્યો છે. અમૂર્ત એવા મનોભાવને નટ પોતાની વિવિધ અંગસંચાલનો દ્વારા કેવી રીતે સાકાર કરી શકે તેનું માર્ગદર્શન 'અનુભાવ વિધાન' અંતર્ગત આપવામાં આવ્યું છે. તેમાં પાત્રની પ્રકૃતિ, મન:સ્થિતિ, વય, અવસ્થા આ બધા પાત્રગત્ પરિબળો-પાત્રસર્જનના પરિબળોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે, આ બધાના આધારે કહી શકાય કે અભિનયમાં નાટ્યકાર, નટ, રંગતંત્રજ્ઞનો સમાવેશ થતો હોવાથી તે Play Production ને સમકક્ષ સંજ્ઞા છે જયારે અનુભાવમાં નટની પાત્રાનુરુપ વાચિક, આંગિક, સાત્વિક ક્રિયાઓનો સમાવેશ થતો હોવાથી તે acting ને સમકક્ષ સંજ્ઞા છે.